પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 09-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : MONDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1) ડિસેમ્બર 2028 સુધીમાં ગુજરાતને નશામુક્ત રાજ્ય બનાવવાની સામૂહિક જવાબદારી લેવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું આહ્વાન.
2) કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદમાં એક હજાર 400 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
3) રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ રાજ્યના નાગરિકોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી.
4) જુનાગઢના ઓગણાએંશીમા મુક્તિ દિવસની આજે ઉજવણી.
5) મહેસાણાનાં બૅડમિન્ટન ખેલાડી દિયા પનીકરની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

HM AMIT SHAH SPEECH – 1

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ડિસેમ્બર 2028 સુધીમાં ગુજરાતને નશામુક્ત રાજ્ય બનાવવાની સામૂહિક જવાબદારી લેવા આહ્વાન કર્યું. અમદાવાદમાં એક હજાર 400 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જાહેરસભાને સંબોધતા શ્રી શાહે કહ્યું, યુવાઓની આવનારી પેઢીને નુકસાન પહોંચાડતા કેફી પદાર્થના દૂષણને નાબૂદ કરવા સરકારે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવી છે.

(BYTE: AMIT SHAH, HOME MINISTER) DRUGS FREE

(31 ડિસેમ્બર 2029 સુધીમાં નશામુક્ત ભારતની રચના કરવાનું કામ આપણે કરવાનું. પણ ગુજરાતે 29 સુધી રાહ નથી જોવાની આપણે 31 ડિસેમ્બર 2028 પહેલા ગુજરાતને ડ્રગ ફ્રી કરાવવાની જવાબદારી લેવાની છે.)

શ્રી શાહે આગામી પહેલી ડિસેમ્બરથી 1033 ડ્રાયલ ફ્રી હેલ્પલાઈન અને નિયંત્રણ કક્ષ કાર્યરત્ કરાશે તેવી જાહેરાત પણ કરી.

(BYTE: AMIT SHAH, HOME MINISTER) 1033 HELPLINE

(1033 મફતમાં ડાયલ થાય એવો આપણો નંબર છે ફ્રી ડાયલ કરી શકો તો. એની પર 1 ડિસેમ્બર પછી ક્યાંય પણ ડ્રગની પડીકીનું વેચાણ હોય અમદાવાદના બધા નાગરિકોને મારી ખાતરી છે કે તમે 1033 પર લખાઈ દેજો સરકાર એ ડ્રગ વેચનારને જેલની પાછળ પડી દેશે. તમારું નામ ક્યાંય જાહેર નહીં થાય ખાનગી રાખવામાં આવશે.)

HM AMIT SHAH SPEECH – 2

ઉપરાંત, શ્રી શાહે અમદાવાદમાં વરસાદી પાણી ભરાવવાની સ્થિતિ ભૂતકાળ બનશે તેવી ખાતરી પણ લોકોને આપી.

(BYTE: AMIT SHAH, HOME MINISTER) WATER

(આજે બોપલ ગામમાં વરસાદી પાણીના નિકાલ માટે પંપ હાઉસનું નિર્માણનું પણ ભૂમિપૂજન થયું. ગયા ચોમાસામાં એક જ દાડામાં 21 ઇંચ વરસાદ પડી ગયો કેડ સમા પાણી બધાના ઘરમાં ભરાઈ ગયા. એ વખતે મેં કહ્યું તું કે બીજી વાર વોટ લેવા આવીશ 29 માં એ પહેલા 25 ઇંચ પાણી પડે તોય પાણી ના ભરાય એવી વ્યવસ્થા કરીને આવીશ. અને એની શરૂઆત આજે થઈ છે.)

વાડજ રામાપીરના ટેકરા વિસ્તારમાં આવાસ અને દુકાનોના કમ્પ્યૂટરાઈઝ્ડ ડ્રૉ અને ચાવી વિતરણ કર્યા બાદ શ્રી શાહે રામાપીરના ટેકરાના લોકોના સૌ બાળકોને ભણાવવાનો આગ્રહ કર્યો.

AMIT SHAH LOKARPAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં મહાનગરપાલિકા તથા માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા ગાંધીનગર લોકસભા વિસ્તારમાં હાથ ધરાયેલા એક હજાર 400 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. શ્રી શાહે 464 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા ચાર કિલોમીટરના છ માર્ગીય ઇસ્કોન-સાણંદ એલિવેટેડ કૉરિડોરનું પણ લોકાર્પણ કર્યું.

એક અહેવાલ.

(VOICECAST: HINA MODI)

(....કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 641 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું. તેમાં જાસપુર વૉટર વર્કસ ખાતે 200 ml ની ક્ષમતાનો નવા વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાની વીજ જરૂરિયાત માટે 30 મેગાવૉટ ગ્રાઉન્ડ માઉન્ટેન સોલાર પ્રોજેક્ટ જાસપુર ડબલ્યુટીપીથી કેડી હૉસ્પિટલ સુધી 2500 મીમી વ્યાસની ટ્રંક મેઈન પાઇપલાઈન વાડજ રામાપીરના ટેકરા સેક્ટર પાંચ અને એક ખાતે કુલ 1232 પાકા આવાસ અને 16 દુકાનના લોકાર્પણ તથા ડ્રો, કેશવનગર અને મેમનગરે અગ્નિશામક દળ વિસ્તારના પાણી વિતરણ મથકના વૃદ્ધિકરણ રાણીપ બસ મથક પાણી વિતરણ મથક ખાતે 20 લાખ લિટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ગોતા અને ત્રાગડ ખાતે નવનિર્મિત શહેરી આરોગ્ય કેન્દ્ર જોધપુર ખાતે ગ્રંથાલય છ મહાનગર અધ્યતન શાળાઓ અને સિનિયર સિટીઝન પાર્ક ભારત સરકારની સ્માઈલ યોજના હેઠળ અમદાવાદ ખાતે ભિક્ષુક મુક્ત સિટી માટેના આશ્રયગૃહનો પ્રારંભનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રીએ 382 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. હીના મોદી પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ.)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

DESK

NUTAN VARSH SHUBHECHCHHAO

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ રાજ્યના નાગરિકોને આવતીકાલથી શરૂ થતા નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં રાજ્યપાલે કહ્યું, નવું વર્ષ વિચારોને નવી દિશા આપવા અને સંકલ્પોને નવી શક્તિ આપવાનો અવસર છે.

(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR)

(गुजरात के मेरे प्रिय भाइयों और बहनों, आप सभी को नव वर्ष की हार्दिक शुभकामनाएं। नया वर्ष केवल कैलेंडर बदलने का अवसर नहीं है, बल्कि अपने विचारों को नई दिशा देने, अपने संकल्पों को नई शक्ति देने और अपने जीवन को बेहतर बनाने का अवसर है।)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ રાજ્યના સૌ નાગરિકો તથા વિશ્વભરમાં વસતા ગુજરાતી પરિવારોને દિવાળી અને વિક્રમ સંવત 2083ના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી. એક સંદેશમાં તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ આપેલો વિકસિત ભારતનો સંકલ્પ સાત કરોડ ગુજરાતીઓની સામૂહિક ઉર્જા, આત્મનિર્ભરતા અને કૌશલ્યના બળે 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના સાકાર કરવા 'વી વિલ ડુ ઇટ'ના ધ્યેય સાથે આપણે તેમના નેતૃત્વમાં અગ્રેસર બનવું છે.

108 AND 112 EMRI CASE

રાજ્યમાં ગઇકાલે દિવાળીની ઉજવણી દરમિયાન 108 ઇમર્જન્સી કેસમાં વધારો નોંધાયો. સત્તાવાર યાદી મુજબ રાજ્યભરમાં દાઝી જવાનાં 62 કેસ નોંધાયા તેમાંથી સૌથી વધુ 13 કેસ અમદાવાદના અને 12 કેસ સુરતના હોવાનું જણાયું.

બીજી તરફ 112 ઇમર્જન્સી સેવામાં ગઇકાલે આગ લાગવાની દુર્ઘટનાના 366 કેસ નોંધાયા. તેમાં સૌથી વધુ 82 કેસ સુરતમાં, 56 કેસ અમદાવાદમાં અને રાજકોટમાં 44 કેસ નોંધાયા.

JUNAGADH MUKTI DIVAS

જુનાગઢ આજે પોતાનો ઓગણાએંશી–મો મુક્તિ દિવસ ઉજવી રહ્યું છે. લોખંડી પુરુષ ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની કુનેહના કારણે જુનાગઢ આજે અખંડ ભારતનું ભાગ છે. આ અંગે સાંભળીએ એક વિશેષ અહેવાલ.

(VOICECAST: SANJIV MEHTA)

(15 ઓગસ્ટ 1947 ના રોજ જ્યારે ભારત આઝાદ થયું ત્યારે જૂનાગઢના નવાબે જૂનાગઢ અને માણાવદરને પાકિસ્તાનમાં જોડાવાની જાહેરાત કરી સમગ્ર સોરઠ પંથકમાં સન્નાટો વ્યાપી ગયો. એ સમયે સરદાર વલ્લભભાઈ પટેલની કુનેહભરી રાજનીતિને કારણે આરઝી હકૂમતની સ્થાપના કરવામાં આવી અને સ્વાતંત્ર્ય સેનાનીઓની 84 દિવસની લડત બાદ 9 નવેમ્બર 1947 ના રોજ જૂનાગઢને નવાબના શાસનમાંથી મુક્ત કરવામાં આવ્યું ને ભારતમાં જોડાવાની જાહેરાત થઈ ઐતિહાસિક ઉપરકોટના કિલ્લામાં ત્રિરંગો પણ લહેરાવવામાં આવ્યો. આ સ્મૃતિમાં આજે જૂનાગઢવાસીઓએ આરઝી હકૂમત સ્તંભનું પૂજન કરી સેનાનીઓને યાદ કર્યા તો આતશબાજીની કાર્યક્રમમાં પણ જૂનાગઢવાસીઓ જોડાયા હતા. સંજીવ મહેતા, જૂનાગઢ.)

EVE MSN NATIONAL COMPETITION

મહેસાણાનાં ખેલાડી દિયા પનીકરની રાષ્ટ્રીયકક્ષાની બેડમિન્ટન સ્પર્ધા માટે પસંદગી થઈ છે. એકલવ્ય સ્કૂલમાં ભણતાં આ ખેલાડીએ તાજેતરમાં આણંદમાં યોજાયેલી ગુજરાત રાજ્ય બેડમિન્ટન સ્પર્ધામાં ભવ્ય પ્રદર્શન કર્યું હતું.

17 વર્ષથી ઓછા વયજૂથમાં વિજેતા બનનારાં દિયા પનીકર મિક્સ્ડ ડબલ્સ સ્પર્ધામાં ફાઈનલ સુધી પહોંચી ઉપવિજેતામાં સ્થાન મેળવ્યું હતું. રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં સારા દેખાવના આધારે તેમની હવે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે ગુજરાતની ટીમમાં પસંદગી થઈ છે.

SRT DyCM SNEHMILAN

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સૌ નાગરિકો અને દિવસ-રાત ફરજ બજાવતા કર્મયોગીઓને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી. સુરતમાં દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે યોજાયેલા સ્નેહમિલન સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ પોલીસ મથકો અને પોલીસ વિભાગના સરકારી આવાસોને રાજ્યમાં સૌથી સ્વચ્છ અને સુઘડ બનાવવાની હિમાયત કરી. સાથે જ તેમણે પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાના સંવર્ધન માટે તમામ વ્યવહાર અને લખાણોમાં વિક્રમ સંવંત કેલેન્ડરનો ઉપયોગ કરવા સૌને અપીલ કરી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

(આપણા આ આવાસો દેશના સૌથી સ્વચ્છ સરકારી આવાસ આપણે કઈ રીતે બનાવી શકીએ તે દિશામાં આગળ વધવું. આવાસ સ્વચ્છ રાખવામાં સરકાર બધું જ બજેટ આપતી હોય છે બધા જ વિષયો હોય છે તમારે તો માત્ર આવાસની સારી કમિટીઓ બનાવીને ત્યાં કોઈ બી પ્રકારની નીચે ગંદકી ના હોય બાળકો રમી શકે એ પ્રકારની વ્યવસ્થાઓ હોય છે ખુલ્લી જગ્યા પડી હોય અને પોલીસ સ્ટેશનોમાં કોઈ બી પ્રકારની ગંદકી ના હોય એવો પ્રયાસ કરવામાં આપણું શું નુકસાન છે કોઈ જ નુકસાન નથી. તો મારો આપને ખાસ વિનંતી છે કે આ બાબતે આપ સૌ લોકો પ્રયાસ કરો.)

BTD GOPINATHJI TEMPLE ANNAKUT

બોટાદના ગઢડામાં ગોપીનાથજી મંદિરમાં ભગવાનને 300 પ્રકારની વાનગીઓ અને મીઠાઈઓ અર્પણ કરવામાં આવી. આ સાથે મંદિરમાં અન્નકૂટ ધરાવવાની 200 વર્ષ જૂની પરંપરા આજે પણ અકબંધ રહેતા દૂરદૂરથી ભક્તો અન્નકૂટના દર્શનાર્થે આવ્યા હતા.